
# અમદાવાદમાં ડેન્ગ્યુના ત્રણ કેસ નોંધાતાં ખળભળાટ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ચાલુ રહ્યો છે. આજે શહેરમાં ડેન્ગ્યુના વધુ ત્રણ કેસ નોંધાતા મ્યુનિસિપલ આરોગ્ય વિભાગ ચોંકી ઉઠ્યું હતું. આ ઉપરાંત મેલેરીયા, ફાલ્સીપારમ, કમળો, ઝાડાઉલ્ટી, ટાઈફોઈડના સંખ્યાબંધ કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ખાનગી હોસ્પિટલ અને દવાખાનામાં પણ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બહેરામપુરાના અલ્લાહનગરમાં રહેતા નસરીનબાનુ યાસીનભાઈ રંગરેજ ઉંવ. ૨૨ને ડેન્ગ્યુ થતાં સારવાર માટે વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સિવિલનાં વધુ બે ઈન્ટર્ન ડોકટર ડેન્ગ્યુનાં સકંજામાં સપડાયા હોવાનું જાણવા મળ્યું છે. સિવિલ હોસ્પિટલમાં ગત અઠવાડિયા દરમિયાન બી.જે. મેડિકલ કોલેજનાં બે વિદ્યાર્થીઓને ડેન્ગ્યુનો પોઝીટીવ રિપોર્ટ આવ્યો હતો. ત્યાર બાદ આજે અન્ય ત્રણ વિદ્યાર્થીઓને પણ ડેન્ગ્યુ હોવાનું સિવિલ હોસ્પિટલનાં આધારભૂત સૂત્રો જણાવી રહ્યાં છે. સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી બી. જે. મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતાં પાંચ જેટલાં વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જેમાંથી બે ડોક્ટરને ગત અઠવાડિયે કે ડેન્ગ્યુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ત્યાર બાદ આજે અન્ય ત્રણ વિદ્યાર્થીઓને ડેન્ગ્યુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ગંદકીના ઢગલે ઢગલા છે અને તેથી મચ્છરોનો ભારે ઉપદ્રવ છે.

આથી બી.જે. મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જે ભાવિ ડોક્ટરો છે તો ઓ ડેન્ગ્યુ જેવી ખતરનાક બિમારીમાં સપડાઈ રહ્યા છે. ગંદકી દૂર કરવા વારંવાર સત્તાવાળાઓ સમક્ષ રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવતાં નથી. આ ઉપરાંત અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં મેલેરીયા, ફાલ્સીપારમ, કમળો, ઝાડાઉલ્ટી, ટાઈફોઈડના સંખ્યાબંધ કેસો નોંધાયા છે. અને હાલમાં ડોક્ટરોની કમાણીની સીઝન ચાલી રહી છે. સરકારી અને મ્યુનિસિપલ હોસ્પિટલો ઉપરાંત ખાનગી દવાખાના અને હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં લોકો સારવાર મેળવી રહ્યા છે.



ડીસાના રાજપુરમાં આવેલ લોધાવાસમાં ભગવાન ભોળાનાથનું અતિ પ્રાચિન મંદિર આવેલુ છે. જ્યાં દર શ્રાવણ માસ નિમિત્તે બ્રહ્મપુરીના મહારાજ રામેશ્વરજીના હસ્તે નિત્યક્રમ મુજબ સવાર સાંજ પૂજા અર્ચના કરવામાં આવે છે. આમ આ શ્રાવણ માસના અંતિમ દિવસે દર વર્ષની જેમ લોધા સમાજ દ્વારા હવનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં યજમાન પદે મહેશભાઈ લોધા હતા. શ્રાવણ માસમાં ઉપવાસ કરનાર તમામ ભક્તોએ હવનમાં બેસી આહુતિ આપી હતી. આ પ્રસંગે લોધા સમાજના બંધુઓ અને સંતો મહંતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## ચોઈલા નજીક જીપ અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈકચાલકનું મોત

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલા ગામ નજીક શનિવારની સાંજે જીપ અને બાઈક સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજાને કારણે બાઈક ચાલકનું સ્થળ પર મોત નિપજયું હતું. આ અંગે બાયડ પોલીસ મથકે પ્રભાશંકર મોતીલાલ રાવલે જીપ ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ બાયડથી આંબલીયારા માર્ગ પર શનિવારના રોજ સાંજે ૪.૧૫ વાગેના સમયે ચોઈલા ગામ નજીક વળાંકમાં કમાન્ડર જીપ નંબર જીજે-૨૦-એ-૧૫૫૪ અને નંબર જીજે-૯ એ.પી. ૪૭૮૧ બે સામ સામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાતા જીપ ચાલક જીપ મુકી નાસી ગયો હતો જયારે ચોઈલા ગામના બાઈક ચાલક હર્ષદભાઈ રાવલને ગંભીર ઈજાને કારણે તેમનું સ્થળ પર મોત નિપજયું હતું. બનાવ અંગે બાયડ પોલીસ મથકે પ્રભાશંકર મોતીલાલ રાવલે ફરીયાદ નોંધવતા પોલીસે જીપ ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## તલોદ સ્કૂલ પાસેથી એકટીવાની ચોરી

તલોદ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના તલોદની પારસ સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ જેઠાભાઈ સોનીની દીકરી તલોદ ખાતે આવેલ સી.ડી. પટેલ હાઈસ્કૂલમાં અભ્યાસ માટે ૧૬મી ઓગષ્ટના રોજ ગયેલી. તેણીએ પોતાનું એક્ટીવા નંબર-જીજે-૯-એબી-૮૭૯૩ કિંમત રૂ. ૧૪ હજારનું સવારે ૧૦.૪૫ વાગે પાર્ક કરી ગયેલ જે પરત ઘરે જવાના ૫ વાગેના સમયે આવતા તેનું એક્ટીવા ત્યાં ન હતુ. જેથી તેણીએ પોતાના પિતાને વાત કરી હતી. આ અંગે શૈલેષભાઈ સોનીએ તલોદ પોલીસ મથકે એક્ટીવા ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી.

## વકીલોને મૃત્યુ સહાય બે લાખ ચુકવવાના નિર્ણયને લીલીઝંડી

અમદાવાદ, તા.૧૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં વકીલાતનો વ્યવસાય કરતા ધારાશાસ્ત્રીઓને ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ હેઠળ તેમના મૃત્યુ બાદ તેમના કુટુંબીજનોને મૃત્યુ સહાય ચુકવવામાં આવે છે. આજરોજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની અસાધારણ સભા દિલીપ કે. પટેલના અધ્યક્ષપદ હેઠળ મળેલી અને જેમાં તા. ૨૯.૭.૧૨ના રોજ એડમીનીસ્ટ્રેટીવ કમિટી દ્વારા તા. ૧.૯.૧૨થી ધારાશાસ્ત્રીઓના કુટુંબીજનોને તેમના મૃત્યુ બાદ વેલ્ફેરફંડમાંથી રૂા. બે લાખ ચુકવવાના ઠરાવને સર્વાનુમતે બહાલી આપવામાં આવી છે. આ અંગે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ફાઈનાન્સ કમિટીના ચેરમેન અનિલ સી. કેલ્લાએ જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાતના ધારાશાસ્ત્રીઓના કુટુંબીજનોને વેલ્ફેર ફંડ હેઠળ મહત્તમ રકમ ચુકવી શકાય તે માટે માત્ર ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડમાં વેલ્ફેર ફંડની ટિકિટ જે તાલુકા અને જિલ્લા કક્ષાની કોર્ટોમાં રૂા. ૧૦/-ની વેલ્ફેર સ્ટેમ્પ લગાડવામાં આવે છે તેની જગ્યાએ રૂા. ૨૦/- લગાડવાનો અને હાઈકોર્ટ અને ટ્રીબ્યુનલ કોર્ટોમાં ધારાશાસ્ત્રીઓએ રૂા. ૨૦/-ના વેલ્ફેર સ્ટેમ્પની જગ્યાએ રૂા. ૪૦/-નો વેલ્ફેર સ્ટેમ્પ લગાડવાના એડમીનીસ્ટ્રેટીવ કમિટીના નિર્ણયને બહાલી આપી તા.૧.૯.૧૨થી તેનો અમલ શરૂ કરી રૂા. એક કરોડ જેટલું ધારાશાસ્ત્રીઓ માટેનું કલ્યાણ ભંડોળ ભેગું કરવામાં આવશે. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની આજની સભામાં ગુજરાતના તાલુકા અને જિલ્લાની કોર્ટોમાં પ્રેક્ટીસ કરતા ધારાશાસ્ત્રીઓને દિવાળી વેકેશન તા. ૧૦.૧૧.૧૨ થી તા. ૧૮.૧૧.૧૨ એટલે કે ૧૦ દિવસનું મળી રહે તે માટે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસને નવેમ્બર અને ડીસેમ્બર માસમાં બીજા અને ચોથા શનિવારની રજાઓમાં કામ કરીને દિવાળીની વધુ ત્રણ રજાઓ ધારાશાસ્ત્રીઓને મળી રહે તે માટેનો ઠરાવ કરી ચીફ જસ્ટીસને મોકલવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં પેન્શનર ગ્રાહકોનો મિલન સંમેલન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા શહેરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકના પેન્શનર ગ્રાહકોના મીલન સમારંભનું આયોજન ગત શુક્રવારના રોજ બેંકની શાખામાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં એક હજારથી વધુ પેન્શનર ગ્રાહકો ધરાવે છે. પેન્શનરોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. જેમાં બેંકની ત્રણ ખાલી જગ્યા ભરાયતો પેન્શનરોના ઘણા પ્રશ્નોનો ઉકેલ આવે તેમ છે. બેંકમાં નાની મોટી પડતી તકલીફ દૂર થાય તેમ ઈચ્છે છે. પરચુરણ મેળવવા લાંબી લાઈનો લાગે છે. તેમાં પેન્શનરોને પણ ઉભા રહી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ અંગે બેંકના મેનેજર એ.એચ. ભગોરાએ પેન્શનરોના પ્રશ્નો અંગે ઘટતુ કરવા ખાત્રી આપી હતી.

આ કાર્યક્રમ તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કીર્તિભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમજ બેંકના એકાઉન્ટન્ટ બાબુભાઈ ખરાડીએ આભારવિધિ કરી હતી.

## આજે માલપુરમાં પેન્શનરોની વાર્ષિક સાધારણ સભા

માલપુર, તા. ૧૮

માલપુર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા તા. ૧૯મી ઓગષ્ટે સવારે ધારાસભ્ય મહેન્દ્રસિંહજી વાઘેલાના પ્રમુખપદે વાર્ષિક સાધારણ સભા મળનાર છે.

વિનોદભાઇ પંડ્યા, રાજુભાઇ મહેતા, જશુભાઇ પટેલ, આશાબેન મહેતા, કનકસિંહ રાઠોડ, ભરતકુમાર જોશી, ધનજીભાઇ પટેલ, રમણલાલ સુથાર ઉપસ્થિત રહેશે.

૭૫/૮૫ વર્ષ પુરા કરનારનું સન્માન કરાશે. પેન્શનરોના પ્રશ્નોની ચર્ચા માર્ગદર્શન આપવામાં આવશે. ગીરીશભાઇ સોની પ્રમુખશ્રી, તથા ડાહ્યાભાઇ પટેલ મહામંત્રીએ કાર્યક્રમમાં હાજર રહેવા જણાવેલ છે.

## નેશનલ રૂરલ ડેવલપમેન્ટ એન્ડ હાઉસિંગ વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા.૧૮

દેશમાં મોભાનું સ્થાન ધરાવતી આઈ.આઈ.એમ.ની જેમ દેશમાં મોભાનું સ્થાન ધરાવતી ઉચ્ચ સંસ્થાના આઈ.આઈ.ટી. ન્યુ દિલ્હી ખાતે નેશનલ રૂરલ ડેવલપમેન્ટ એન્ડ હાઉસીંગ નેટવર્ક વર્કશોપ યોજાયો હતો. જેમાં ભારતમાંથી પંચાયત અનુભવી પદાધિકારી તરીકે ગુજરાત અને કર્ણાટકમાંથી બે પદાધિકારીઓને સૂચન રજૂ કરવા મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં ગુજરાતમાંથી પધારેલા હિંમતનગર તાલુકાના વિરપુરા પૂર્વ સરપંચ ઉમરફારૂક ખણુસીયાએ ગામડાઓના વિકાસ માટે આયોજનની અને મફત આવાસો બનાવવા જેવા મુદ્દાઓ ઉપર સૂચનો રજૂ કર્યા હતા.

દેશના દરેક ગામડાઓમાં વિકાસ માટે ગ્રેડ પધ્ધતિ દાખલ કરવી જોઈએ દેશના દરેક ગામને એ.બી.સી.ડી.ઈ. ગ્રેડ પ્રમાણે મુકવા જોઈએ. જેમાં ઈ ગ્રેડમાં પાણી તથા વિજળી, ડી ગ્રેડમાં શિક્ષણની વ્યવસ્થા તેના પછી 'ઓ'સી ગ્રેડમાં ગટર લાઈન તથા સ્વચ્છતા ત્યારબાદ બી ગ્રેડમાં આંતરિક રસ્તાઓ અને છેલ્લે એ ગ્રેડમાં પ્લાન્ટેશન તથા ગરીબલક્ષી યોજનાઓ રેગ્યુલર પ્રમાણે લઈ શકાય જયારે મફત આવાસોમાં લાભાર્થીને રૂ. ૭૦,૦૦૦ થી ૭૫,૦૦૦ હજાર મળવા જોઈએ તેમજ મફત મકાન ઓર્ડર સાથે એનઆરઈજીમાં શૌચાલયના ખાળકુવાનો વર્કઓર્ડર પણ મળવો જોઈએ. જેથી પુરાણ સાથે ખાળકુવો ખોદાય અને માટીપુરાણના પાંચથી છ હજાર બચાવી શકાય છે. ખણુસીયાના આ સૂચનોથી હાજર નિષ્ણાંત આગેવાનોએ સૂચનોની પ્રશંસા કરી સૂચનો બિરદાવ્યા હતા.

## સ્વ. રાજીવ ગાંધીના જન્મ દિને કોંગ્રેસ પક્ષ હિંમતનગર ખાતે 'ઘરનું ઘર'ના ફોર્મ વિતરણ કરશે

હિંમતનગર, તા. ૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા ઘર વિહોણા અને વર્ષોથી ભાડાના મકાનોમાં રહેતા અનેક પરિવારોને સ્વ. રાજીવ ગાંધીના જન્મ દિવસે ઘરનુ ઘરના ફોર્મનું વિતણ તા. ૨૦,૨૧, ૨૨ના રોજ સવારે ૧૦.૩૦ થી ૫.૦૦ સુધી આપવામાં આવશે.

ફોર્મ વિતરણનું સ્થળ સહકાર કોલોની આંબાવાડી, હિંમતનગર નગરપાલિકા વિસ્તારની બહેનોને જણાવવાનું કે ચૂંટણી કાર્ડ રેશનીંગ કાર્ડ, બી.પી.એલ. કાર્ડની ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, લઈને સ્થળ પર ફોર્મ મેળવીને ત્યાંજ ભરીને આપી દેવાનું રહેશે. સૌને જણાવતા એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રી, જી.પી.સી.સી.ના મહામંત્રી વી.ડી. ઝાલા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મહિલા પ્રમુખ નિર્મલાબેન પંચાલ, તાલુકા પ્રમુખ ચંદ્રસિંહ ઝાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ જયસ્વાલ અને વિપક્ષના નેતા ઈશાક શેખે કોંગ્રેસ પક્ષ તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે તેમ અખબારી યાદીમાં જણાવ્યુ છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સમગ્ર રાષ્ટ્રમાં ૧૫મી ઓગષ્ટ-૬૬માં સ્વાતંત્ર્ય દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જયારે પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ શાળાના પ્રાંગણમાં શાળા કેળવણી મંડળના સહમંત્રી રાજુભાઈ શાહના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો હતો. કાર્યક્રમમાં શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા દેશભકિત ગીતો તથા વકતૃત્વ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્ય દિને યુવાનોને પાયમાલીથી મુકત કરવા, યુવા વર્ગમાં વ્યસનનું પ્રમાણ વધતાં, રાક્ષસ જેવા કેન્સર રોગને નાથવા વ્યસનોથી સમાજનું અધઃપતન અટકાવવા માટે વ્યસન મુકિત અભિયાન ચલાવ્યું છે. ગુજરાતમાં ગુટખા પર પ્રતિબંધની જાહેરાતને આવકારતા ઓરાણ હાઈસ્કૂલના શાળા પરિવારે તથા વિદ્યાર્થીઓએ સામુહિક રીતે સ્વાતંત્ર્ય દિને વ્યસન મુકિત અભિયાનમાં જોડાઈ નશાકારક કેફી દ્રવ્યો, ગુટખા-પાન-બીડી તમાકુ જેવા પદાર્થોને તિલાંજલી આપવાની પ્રતિજ્ઞા લીધી છે. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડ, સીનીયર શિક્ષક એમ.કે. પટેલ તથા નટુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો દ્વારા પ્રેરણાદાયી ઐતિહાસિક પ્રસંગો વર્ણવી સ્વાતંત્ર્ય પર્વનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ. પટેલે કર્યું હતું.

## ધાણધામાં જમીનની ભાગીદારી બાબતે ૬૦ લાખની છેતરપીંડી કરતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના ધાણધામાં સારી જમીન છે તેમ કહી ભાગીદારી માટેના રૂ. ૩.૬૦ લાખ લઈને ભાગીદાર ન બનાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ છે.

વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના બડોલીકમ્પાના દિલીપભાઈ મહેન્દ્રભાઈ પટેલ એ તેજ તાલુકાના મહોરકમ્પાના હિતેશભાઈ ભવાભાઈ પટેલ પાસેથી જમીન તથા પ્લોટ લે વેચમાં મોટો નફો છે તેથી કહેલ કે તમે હિંમતનગરથી ઈડર માર્ગ પર રેલવે ફાટકની પાસે આવેલ ધાણધા પાસેની જમીનમાં મૂડી રોકાણ કરતા જાઓ તેમ કહી ૨૩-૮-૨૦૧૦ના રોજથી બે વર્ષ દરમિયાન તબક્કાવાર રૂ. ૬૦ લાખ રોકડા તેમજ ઈડરના વેરાબર ગામની દેના બેંકના કોરા ચેક દિલીપભાઈ પટેલ એ લીધેલા પરંતુ રકમ અને રોકડા રૂ. આપવા છતાં જમીનમાં ભાગીદારી તરીકે હિતેશભાઈ પટેલનું કોઈ પણ નામ નિશાન નહિ રાખતા હિતેશભાઈ પટેલે કોર્ટમાં ફરિયાદ કરી હતી જે આધારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે દિલીપભાઈ પટેલ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ ટાઉન પી.એસ.આઈ. બી.વી. રાવળે હાથ ધરી હતી.

## મેસણ ગામની ઝેરી દવા પી ગયેલી પરણીતાનું સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના મેસણ ગામની ૪૦ વર્ષીય પરણીતા મધુબેન ભરતભાઈ પટેલે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ૧૬મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી ગયેલ જેથી પરણીતાને તાત્કાલિક સારવાર માટે હિંમતનગરના ખાનગી દવાખાને દાખલ કરેલ જયાં ત્રણ દિવસ બાદ ૧૮મી ઓગષ્ટને શનિવારના રોજ વહેલી સવારે ૬.૧૫ વાગે સારવાર દરમિયાન પરિણીતાનું મોત નિપજયું હતું. આ અંગે ડૉ. અરવિંદભાઈ પટેલે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસાની યુવતિ પર સાસરીયાના ત્રાસ સામે ફરિયાદ

ડીસા, તા. ૧૮

ડીસાના માલગઢની યુવતિને સંતાનમાં ત્રણ દીકરીઓ હતી. પરંતુ દીકરો ન થતા સાસરીયાએ દહેજની માંગણી કરી કાઢી મુકતા તેણીએ છ વ્યક્તિઓ સામે ડીસા શહેર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર ડીસાના માલગઢ ગામે રહેતા માળી પરિવારની યુવતી રેખાબેનના લગ્ન પાંચ વર્ષ અગાઉ દીયોદર તાલુકાના વડીયા ગામના ઉદેશ ડાયાજી માળી સાથે સમાજના રીતિ રિવાજ મુજબ થયા હતા. પરંતુ સંતાનમાં ત્રણ દીકરીઓ હતી અને દીકરો ન હોવાથી સાસરીયાવાળા વારંવાર મેણા ટોણા મારી શારિરીક અને માનસિક રીતે પરેશાન કરતા હતા. તેમજ પતિએ રૂ. ૫૦,૦૦૦ની દહેજની માંગણી કરી ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકતા રેખાબેન ત્રણ દીકરીઓ સાથે ડીસા આવી પોતાના પતિ ઉદેશ ડાયાજી માળી, સસરા ડાયાજી મસજી માળી, સાસુ ભાણીબેન માળી, નણંદો પંખાબેન, સંતોકબેન, ભાવનાબેન સામે ડીસા શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનું છે**
મિની હાઈવા ૨૦૦૭ અને ડમ્પર - ૨૦૧૨ વેચવાનું છે.
જોઈએ છે - માણસ
મો. : ૯૪૨૮૭ ૩૪૧૨૬

**મકાન જોઈએ છે**
પેથાપુરમાં આવેલ દેવભૂમિ હોમ્સ રો-હાઉસમાં ઉપરના ભાગે મકાન જોઈએ છે. તથા ગાંધીનગર ખ-૦ પાસે ૧૦૦થી ૧૨૦ વાગનો પ્લોટ જોઈએ છે. વેચાણથી
(દલાલ માફ)
મો. : ૯૬૮૭૭ ૯૭૫૪૧

**સાંઈ દર્શન શિરડી શનિદેવ**
અમદાવાદથી દર શુક્રવારે તથા દર મંગળવારે ૨x૨ લકઝરી બસ ઉપડે છે. રહેવા-જમવા સાથે શ્રાવણ/અધિક માસમાં મહારાષ્ટ્ર પાંચ જ્યોતિર્લીંગ દર્શન
સાંઈરથ ટ્રાવેલ્સ
જીતુભાઈ
મો. : ૯૪૨૬૩ ૮૪૧૯૫

**અઢળક નાણાં કમાઓ**
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૭૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૬૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઇલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601